Permitted to post at Ahd. P.S.O. on Wednesday every week Under Regd No GAMC-1473/2014-2016 issued by SSP, Ahd. Valid upto 31st December-2016




દર બુધવારે અમદાવાદથી પ્રસિદ્ધ થતું એક માત્ર નીડર સાપ્તાહિક

॥ શ્રી ગણેશાય નમઃ ॥

# મિર્ચી ન્યૂઝ

MIRCHI NEWS

Visit us www.mirchinews.co.in

ભગવતી
કોલ ડીપો
જલાઉ કોલસા તથા અર્થીંગ માટે ભૂકી-મીઠુ મળશે
શાકમાર્કેટ કોર્નર, નવા વાડજ, અમદાવાદ-૧૩
ઓગણજ સર્કલ, એસ.પી.રીંગ રોડ, અમદાવાદ
Mo : 98257 52787, 98799 55779

વર્ષ : ૨૨ ● અંક : ૧૪ ● સળંગ અંક : ૧૧૦૨ ● પ્રકાશિત તા-૭-૨-૨૦૨૬,શનિવાર ● RNI : GUJGUJ/2004/16263 ● GAMC NO. :1473/2014-16 ● કિંમત ૧/-રૂા. ● કુલ પાના : ૪

તંત્રી : ભાર્ગવ સુંદરમ (મો) : 9924004714 ● કાર્યાલય : ડી-૯/૧૦૦, નંદનવન એપાર્ટમેન્ટ, ભાવસાર હોસ્ટેલ પાસે, નવા વાડજ, અમદાવાદ-૧૩. ● વાર્ષિક લવાજમ રૂા.૧૦૦/-

## પાસપોર્ટ નિયમોમાં મોટા ફેરફાર, હવે પોલીસ વેરિફિકેશન થશે સરળ

નવી દિલ્હી : ભારત સરકારે વર્ષ ૨૦૨૬ માટે પાસપોર્ટના નવા નિયમો જાહેર કર્યા છે, જે સમગ્ર દેશમાં અરજદારો માટે અરજી પ્રક્રિયાને સરળ બનાવવા, સુરક્ષા મજબૂત કરવા અને સેવા વિતરણને ઝડપી બનાવવા માટે તૈયાર કરવામાં આવ્યા છે. આ અપડેટેડ નિયમો, જે ૧૫ ફેબ્રુઆરી પછી સંપૂર્ણપણે અમલમાં આવશે, તેનો હેતુ પાસપોર્ટ મેળવવાની કે રિન્યૂ કરવાની પ્રક્રિયાને વધુ કાર્યક્ષમ બનાવવાનો અને છેતરપિંડી તેમજ બિનજરૂરી વિલંબને ઘટાડવાનો છે. છેલ્લી ઘડીએ અરજી રિજેક્ટ ન થાય અથવા પ્રક્રિયામાં અડચણ ન આવે તે માટે અરજદારોને નવા નિયમોથી વહેલી તકે માહિતગાર થવા વિનંતી કરવામાં આવી છે. નવા માળખા હેઠળ, પેપરવર્ક ઘટાડવા માટે પાસપોર્ટ અરજી માટે સ્વીકાર્ય દસ્તાવેજોની યાદીને ટૂંકી અને ડિજિટાઈઝ કરવામાં આવી છે. ઓફીસના ધક્કા ખાવાથી પણ મળશે મુક્તિ આધાર કાર્ડ અને અન્ય સરકારી ઓળખપત્રો જેવા ફરજિયાત પુરાવાઓને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે, જેનાથી અરજદારો ઓછા પ્રમાણપત્રો અને પાસપોર્ટ ઓફિસના ઓછા ધક્કા સાથે જરૂરિયાતો પૂરી કરી શકશે. જો કે, અધિકારીઓએ ચેતવણી આપી છે કે અધૂરા અથવા ખોટા દસ્તાવેજો સાથે સબમિટ કરેલી અરજીઓ સીધી જ નકારી કાઢવામાં આવી શકે છે, તેથી ઓનલાઈન દસ્તાવેજો અપલોડ કરતી વખતે સચોટતા રાખવી ખૂબ જરૂરી છે. સૌથી નોંધપાત્ર સુધારો પોલીસ વેરિફિકેશન પ્રક્રિયામાં કરવામાં આવ્યો છે. પરંપરાગત રીતે આ પ્રક્રિયા સૌથી લાંબી ચાલતી હતી, પરંતુ હવે વેરિફિકેશન મુખ્યત્વે ડિજિટલ માધ્યમો દ્વારા કરવામાં આવશે. નવી સંકલિત સિસ્ટમનો અર્થ એ છે કે ઘણા કિસ્સાઓમાં પોલીસ તપાસ અઠવાડિયાના બદલે માત્ર થોડા દિવસોમાં પૂર્ણ થઈ શકશે. કેટલાક કિસ્સાઓમાં 'પોસ્ટ-ઈશ્યુ વેરિફિકેશન' (પાસપોર્ટ આપ્યા પછીની તપાસ) ની સુવિધા પણ આપવામાં આવશે, જેથી પાસપોર્ટ પહેલા મોકલી શકાય અને તપાસ પછીથી થઈ શકે. અરજી પ્રક્રિયાને પણ વધુ યુઝર-ફ્રેન્ડલી બનાવવામાં આવી છે. સરકારના પાસપોર્ટ પોર્ટલને ઉન્નત સુવિધાઓ સાથે અપગ્રેડ કરવામાં આવ્યું છે, જે અરજદારોને વચેટીયાઓની મદદ વગર ફોર્મ ભરવા, દસ્તાવેજો અપલોડ કરવા અને એપોઈન્ટમેન્ટ સ્લોટ બુક કરવાની મંજૂરી આપે છે. ડિજિટલ સબમિશન અને રિયલ-ટાઈમ નોટિફિકેશન પર વધુ ભાર મૂકવાને કારણે અરજદારો તેમની અરજીનું સ્ટેટસ સરળતાથી ટ્રેક કરી શકશે. સગીરો માટે પણ પાસપોર્ટ નિયમો સ્પષ્ટ કરવામાં આવ્યા છે. માતાપિતાની સંમતિ અને ડિજિટલ જન્મ પ્રમાણપત્ર અથવા સ્કૂલ આઈડી સરળતાથી સ્વીકારવામાં આવશે, જેથી બાળકોના પાસપોર્ટ ઈસ્યુ કરવામાં લાગતો સમય ઘટશે. વધારામાં, સરકાર દેશભરમાં પાસપોર્ટ કેન્દ્રોની સંખ્યા વધારવાનું આયોજન કરી રહી છે, જેથી નાના નગરો અને ગ્રામીણ વિસ્તારોમાં સેવાઓ વધુ સુલભ બને. ૨૦૨૬ ના પાસપોર્ટ નિયમોનો એકંદર હેતુ અરજદારોને સબમિશનથી લઈને ઈશ્યુઅન્સ સુધીનો અનુભવ વધુ સરળ બનાવવાનો છે. સંભવિત અરજદારોને સલાહ આપવામાં આવે છે કે તેઓ નવા નિયમોનું પાલન સુનિશ્ચિત કરવા માટે ૧૫ ફેબ્રુઆરીની સમયમર્યાદા પહેલા તેમની તૈયારીઓ પૂર્ણ કરી લે.




## લાંચ કેસમાં પૂર્વ પોલીસ કર્મચારી ૨૭ વર્ષે નિર્દોષ છૂટયા અને ગણતરીના કલાકોમાં મૃત્યુ પામ્યા

અમદાવાદ : અમદાવાદના વેજલપુરમાં વર્ષ ૧૯૯૭માં એક પોલીસ કોન્સ્ટેબલ બાબુભાઈ પ્રજાપતિને માત્ર ૨૦ રૂપિયાની લાંચ લેવાના આરોપ લાગ્યો હતો, પોલીસ કોન્સ્ટેબલ બાબુભાઈને નામદાર સેશન્સ કોર્ટે તેમને દોષિત ઠેરવીને સજાનો હુકમ કર્યો હતો. સેશન્સ કોર્ટના આદેશને પડકારતા બાબુભાઈએ એડવોકેટ નીતિન ટી. ગાંધી મારફતે ગુજરાત હાઈકોર્ટમાં અપીલ દાખલ કરી હતી. કોન્સેટેબલ દ્વારા ન્યાય મેળવવા માટે હાઈકોર્ટમાં કરવામાં આવેલી અપીલ બાદ ૨૦ વર્ષની લાંબી કાનૂની લડત લડ્યા બાદ તારીખ ૦૪/૦૨/૨૦૨૬ના રોજ હાઈકોર્ટમાં બાબુભાઈ પ્રજાપતિને લાંચ લેવાના આરોપોમાંથી નિર્દોષ જાહેર કરીને છોડી મૂકવાનો ઐતિહાસિક હુકમ કર્યો છે. વકીલ સાથે થયેલી આ મુલાકાત બાદ બાબુભાઈ ઘરે પરત ફર્યા હતા. ત્યારબાદ રાત્રે તેમનું હાર્ટ એટેકથી મોત નીપજ્યું હતું.







જાહેરાત માટે સંપર્ક કરો, મો : ૯૯૨૪૦૦૪૭૧૪

મિર્ચી ન્યૂઝનો પડઘોઃ 'સ્માર્ટ સિટીની ગંભીર બેદરકારી' અહેવાલ બાદ તંત્ર સફાળું જાગ્યું

# અખબારનગર સર્કલ પર ટ્રાફિક સિગ્નલ શરૂ કરાયા!

## ટ્રાફિક વિભાગ અને મ્યુનિસિપલ તંત્રની 'ખો-ખો' બંધ થઈ, મિર્ચી ન્યૂઝના અહેવાલ બાદ યુદ્ધના ધોરણે કામગીરી આરંભાઈ


મિર્ચી ન્યૂઝ ૨ તા.૨૨-૧-૨૦૨૬

સ્માર્ટ સિટીની ગંભીર બેદરકારી

અખબારનગર સર્કલ પર લાંબા સમયથી ટ્રાફિક સિગ્નલ બંધ!

અખબારનગરનો ટ્રાફિક જામ : મેટ્રોનું કામ પત્યું, પણ સિગ્નલ કેમ ચાલુ ન થયા?ટ્રાફિક વિભાગ અને મ્યુ તંત્ર એકબીજાને આપે છે ખો...

અમદાવાદઃ શહેરના પશ્ચિમ વિસ્તારમાં ટ્રાફિકથી ધમધમતા એવા નવા વાડજના 'અખબારનગર સર્કલ' પર છેલ્લા ઘણા સમયથી ટ્રાફિક વ્યવસ્થા રામભરોસે ચાલી રહી છે. અહીંના ટ્રાફિક સિગ્નલો બંધ હોવાને કારણે વાહનચાલકો ભારે હાલાકીનો સામનો કરી રહ્યા છે, જે રોજિંદા અકસ્માતો અને ટ્રાફિક જામનું કારણ બની ગયું છે.

મેટ્રોનું કામ પત્યું, પણ સિગ્નલ કેમ ચાલુ ન થયા?

સ્થાનિક રહીશો અને વાહનચાલકોના જણાવ્યા મુજબ, અગાઉ આ સર્કલ પર ટ્રાફિક સિગ્નલ રાબેતા મુજબ ચાલુ હતા અને વાહનવ્યવહાર શિસ્તબદ્ધ રીતે ચાલતો હતો. જોકે, જ્યારે આ રૂટ પર મેટ્રો રેલ પ્રોજેક્ટની કામગીરી શરૂ કરવામાં આવી, ત્યારે કામચલાઉ ધોરણે સિગ્નલ બંધ કરવામાં આવ્યા હતા. આશ્ચર્યની વાત એ છે કે મેટ્રોનું કામ પૂર્ણ થઈ ગયું છે અને મેટ્રો ટ્રેન દોડતી પણ થઈ ગઈ છે, તેમ છતાં તંત્ર દ્વારા હજુ સુધી નીચેના ટ્રાફિક સિગ્નલો ફરી શરૂ કરવાની તસ્દી લેવામાં આવી નથી.ટ્રાફિક સિગ્નલનું કામ એ ટ્રાફિક પોલીસ અને મ્યુ કોર્પોરેશનનું સંયુક્ત નિગરાનીમાં આવે છે, પરંતુ મંજૂરી સહિતના મુદ્દાઓ પર એકબીજાને માથે ઢોળતા હોવાનું જાણવા મળ્યું છે.

સ્થાનિક નાગરિકો અને વાહનચાલકોની પ્રબળ માંગ છે કે મ્યુનિસિપલ કોર્પોરેશન અને ટ્રાફિક પોલીસ વિભાગ તાત્કાલિક ધોરણે અખબારનગર સર્કલના સિગ્નલો રીપેર કરી ફરી કાર્યરત કરે, જેથી ટ્રાફિક સમસ્યાનો કાયમી ઉકેલ આવી શકે...

૫ રસ્તાઓનું જંકશન બન્યું માથાનો દુખાવો

અખબારનગર સર્કલ એ સામાન્ય ચાર રસ્તા નથી, પરંતુ પાંચ રસ્તાઓ (૫ Roads Junction) ભેગા થતું એક અત્યંત વ્યસ્ત જંકશન છે. અહીંઃ ૧૩૨ ફૂટ રિંગ રોડ (બંને તરફ) નવા વાડજ તરફ જતો રોડ નિર્ણયનગર ગરનાળા તરફનો રોડ બીઆરટીએસ (BRTS) રૂટ આ પાંચેય દિશામાંથી આવતા વાહનો જ્યારે એકસાથે સર્કલ પર ભેગા થાય છે, ત્યારે સિગ્નલના અભાવે 'પહેલા હું' ની લ્હાયમાં ટ્રાફિક લોક થઈ જાય છે.

રોજિંદી મુશ્કેલીઓ

અકસ્માતનો ભયઃ પાંચેય રસ્તા પરથી વાહનો અસ્તવ્યસ્ત રીતે ઘૂસી જતા હોવાથી નાના-મોટા અકસ્માતો રોજિંદી ઘટના બની ગઈ છે.

પદયાત્રીઓની હાલત કફોડીઃ સિગ્નલ બંધ હોવાથી રાહદારીઓ માટે રસ્તો ક્રોસ કરવો જીવના જોખમ સમાન બની ગયું છે.

પોલીસની ગેરહાજરીઃ પીક અવર્સ દરમિયાન ઘણીવાર ટ્રાફિક પોલીસ જવાનો હાજર હોતા નથી, જેના કારણે સ્થિતિ વધુ વણસી જાય છે.

(શહેર પ્રતિનિધિ દ્વારા), અમદાવાદઃ લોકશાહીમાં ચોથી જાગીર ગણાતા મીડિયાની તાકાત ફરી એકવાર સાબિત થઈ છે. પશ્ચિમ અમદાવાદના ધમધમતા નવા વાડજ વિસ્તારમાં આવેલા 'અખબારનગર સર્કલ' પર લાંબા સમયથી બંધ પડેલા ટ્રાફિક સિગ્નલ મુદ્દે 'મિર્ચી ન્યૂઝ' દ્વારા તાજેતરમાં પ્રસિદ્ધ કરાયેલા અહેવાલનો ઘેરો પડઘો પડ્યો છે. અહેવાલ પ્રસિદ્ધ થયાના ટૂંકા ગાળામાં જ કુંભકર્ણની નિદ્રામાં સૂતેલું તંત્ર સફાળું જાગ્યું છે અને બંધ પડેલા સિગ્નલોને ફરી શરૂ કરવા માટેની તજવીજ હાથ ધરવામાં આવી છે.

શું હતો અહેવાલ? ગઈ તા. ૨૨-૦૧-૨૦૨૬ના રોજ 'મિર્ચી ન્યૂઝ'માં "અખબારનગર સર્કલ પર લાંબા સમયથી ટ્રાફિક સિગ્નલ બંધ!" શીર્ષક હેઠળ એક વિસ્તૃત અહેવાલ પ્રકાશિત કરવામાં આવ્યો હતો. જેમાં મેટ્રોની કામગીરી પૂર્ણ થઈ ગયા બાદ પણ તંત્રની આળસને કારણે સિગ્નલો ધૂળ ખાઈ રહ્યા હતા અને વાહનચાલકો રોજેરોજ ટ્રાફિક જામ તથા અકસ્માતનો ભોગ બની રહ્યા હતા તે બાબતને વાચા આપવામાં આવી હતી. તંત્ર એકબીજાને ખો આપી રહ્યું હતું તે સત્ય પણ મિર્ચી ન્યૂઝે બહાર લાવ્યું હતું.

અહેવાલની ધારદાર અસરઃ મિર્ચી ન્યૂઝમાં આ ગંભીર સમસ્યા ઉજાગર થતાં જ મ્યુનિસિપલ કોર્પોરેશન અને ટ્રાફિક વિભાગ હરકતમાં આવ્યું છે.અહેવાલની નોંધ લઈ સત્તાધીશોએ તાત્કાલિક ધોરણે સ્થળ તપાસ કરી હતી.લાંબા સમયથી ધૂળ ખાઈ રહેલા અને બંધ હાલતમાં પડેલા સિગ્નલોના રિપેરિંગ અને મેન્ટેનન્સનું કામ શરૂ કરી દેવામાં આવ્યું છે.ટ્રાફિક વિભાગે ખાતરી આપી છે કે ટૂંક સમયમાં જ આ પાંચ રસ્તાના જંકશન (૫ Roads Junction) પર સિગ્નલો રાબેતા મુજબ કાર્યરત થઈ જશે.

નાગરિકોમાં હાશકારોઃ મિર્ચી ન્યૂઝના આ પ્રજાલક્ષી પત્રકારત્વને સ્થાનિક રહીશો અને વાહનચાલકોએ બિરદાવ્યું છે. સિગ્નલનું કામ શરૂ થતા જ રાહદારીઓ અને વાહનચાલકોમાં હાશકારો જોવા મળ્યો છે. અખબારનગર જેવા વ્યસ્ત જંકશન પર હવે ટ્રાફિક શિસ્તબદ્ધ થશે અને અકસ્માતોનું પ્રમાણ ઘટશે તેવી આશા જાગી છે.

મિર્ચી ન્યૂઝ હંમેશા સત્ય અને પ્રજાની સાથેઃ નાગરિકોની સમસ્યાઓને તંત્ર સુધી પહોંચાડવા અને તેનો ઉકેલ લાવવા માટે 'મિર્ચી ન્યૂઝ' હંમેશા કટિબદ્ધ છે. આ અહેવાલની અસર એ સાબિતી છે કે જાગૃત પત્રકારત્વ હજુ પણ સમાજમાં પરિવર્તન લાવી શકે છે.

## ટ્રાફિક વિભાગના જાણકાર પિયુષ સુથારના કેટલાંક સુચનો

અમદાવાદ : તાજેતરમાં અખબારનગર સર્કલ ખાતે શરૂ કરવામાં આવેલ સિગ્નલો મુદ્દે જાગૃત નાગરિક, ટીવી ડીબેટ ગેસ્ટ અને ટ્રાફિક વિભાગના જાણકાર પિષુય સુથાર જણાવે છે કે હાલમાં નવા નવા ચાલુ થયા છે જે ખૂબ જ સારી બાબત છે ઘણા લાંબા સમયની પ્રતિક્ષા અને મહેનત બાદ સિગ્નલોનું નિર્માણ થયું છે ત્યારે ઘણી સારી સુવિધાઓની સાથે સાથે ક્યાંક થોડી સમસ્યાઓ પણ જણાઈ રહી છે....જેમ કે

૧.પ્રગતિનગર ઓવરબ્રિજના છેડેથી અખબારનગર સર્કલ સુધી ટ્રાફિક જામ રહે છે જેનું કારણ છે સિગ્નલ સ્ટોપ કરવાનો જે સમય છે તે ક્યાંક વધારે હોઈ શકે છે જેના કારણે ટ્રાફિક જામ રહે છે સિગ્નલ ખુલવાનો સમય ઘણો ઓછો હોવાથી થોડી સમસ્યા ઉદભવી રહી છે... તો સિગ્નલની ટાઈમિંગ સિસ્ટમમાં થોડો સુધારો કરવાની જરૂર છે.

૨.અખબારનગર અંડર બ્રિજની બહાર નીકળતાની સાથે ડાબી બાજુ એક રહેણાંક સોસાયટી છે જ્યાં રોડ ઉપરના મકાનો ખૂબ જ મોટા પ્રમાણમાં કોમર્શિયલ તરીકે ઉપયોગ કરવામાં આવે છે તે મકાનોની બહાર જે ફૂટપાથ છે તે ખૂબ જ મોટા પ્રમાણમાં હોવાથી સર્કલની નજીક ડાબી બાજુ વળવા માટેનો જે રસ્તો છે ત્યાં નાનું ડિવાઈડર બનાવવામાં આવ્યું છે છતાં જમણી બાજુ અને સીધા જાવ વાળ વજન ચલકોનપં ડાબી બાજુની લાઈનમાં ભેગા થઈને ટ્રાફિક સમસ્યા કરતા જોવા મળે છે .. અને તે નાના ડિવાઈડરની બનાવટમાં ઘણી ખામી પણ જોવા મળી છે જેને સુધારવાની ઘણી જરૂર છે

૩.અખબારનગર સર્કલ ઉપર નવા વાડજ એએમટીએસ બસનો ડેપો આવેલો છે આ ડેપોના મુખ્ય બે દરવાજા આપવામાં આવે છે .હવે જ્યારે સિગ્નલ બંધ થાય છે ત્યારે આગળ નીકળી જવાની લાયમાં અને ઉતાવળના ભાગરૂપે અનેક વાહનો જેવા કે ફોરવીલ ખાનગી વાહનો પેસેન્જર રીક્ષાઓ અને ટુ-વ્હીલર વાહન ચાલકો પણ પ્રવેશદ્વારમાં ઘૂસીને ડેપોની અંદર થઈને બીજા બહાર નીકળવાના દરવાજા વચ્ચે પોઈન્ટ ઉપર સિગ્નલ ખૂલવાની રાહ જોઈ ઊભા રહેતા હોય છે... જે બાબતે એએમટીએસ વિભાગના વડાને વિનંતી કરીએ કે બંને ગેટ ઉપર સિક્યુરિટી વાળાને રાખીને ડેપો સિવાયના વાહનોની અવરજવર ઉપર રોક લગાવે..

૪.સર્કલ પર આવેલ એએમટીએસ બસ ડેપોમાંથી જ્યારે બસ બહાર નીકળે છે ત્યારે સિગ્નલ બંધ હોવા છતાં અનેકવાર સિગ્નલ જમ્પ કરીને એએમટીએસની બસો બે રોકટોક નીકળતી જોવા મળે છે જેના કારણે ભવિષ્યમાં જીવણ અકસ્માતો પણ થવાની સંભાવના સ્પષ્ટ રહી છે આ બાબતે એએમટીએસનાં જવાબદાર ઉચ્ચ અધિકારીઓને વિનંતી કે કડક શબ્દોમાં ચેતવણી આપીને આવી મનમાની ભરી બેરોકટોક થતી નિયમ ભંગની પ્રવૃત્તિને રોકવામાં આવે.

૫.અખબારનગર સર્કલ કે જ્યાં આ સર્કલ ઉપર અવરજવરના થઈને ટોટલ દસ રસ્તા પડે છે હવે આ સર્કલની આજુબાજુમાં રહેણાંક કે ધંધાકીય મકાનો કે બિલ્ડીંગો આગળની ફૂટપાથો ઉપર દબાણો થવાથી વડીલો વૃદ્ધો ગર્ભવતી મહિલાઓ કે લાચાર વ્યક્તિઓ મુખ્ય માર્ગો પર ચાલવા મજબૂર બને છે અને જીવલેણ અકસ્માતોનો ભોગ બની શકે તેવી પરિસ્થિતિ ઉભી થવા પામે છે માટે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનને જણાવવાનું કે આ સમસ્યા દૂર કરી નાગરિકોને યોગ્ય ન્યાય આપવો...

૬.નામદાર કોર્ટના આદેશ મુજબ તમામ મોટા ચાર રસ્તાઓ વાળા જંકશન ઉપર કે તેની આજુબાજુના ૫૦ મીટરની હદમાં નો પાર્કિંગ ઝોન જાહેર હોવા છતાં આ સર્કલ ઉપર ચારે બાજુ ખૂબ જ પ્રમાણમાં વાહનો પાર્ક થતા જોવા મળતા રહે છે ખાસ કરીને ઓફિસના સમયમાં જે બાબતે અમદાવાદ શહેર ટ્રાફિક વિભાગને જણાવવાનું કે આ સમસ્યાનું કડક રીતે કાર્યવાહી કરીને જનતાને યોગ્ય ન્યાય આપવો...

૭.બીજી ખાસ બાબત એવી કે સર્કલ ઉપર ઓફિસના ટાઈમે ઘણી કંપનીઓના સ્ટાફની બસ ગમેત્યાં સર્કલ ઉપર ઉભિરહિને નોકરિયાતોને ઉતારતી હોય છે ત્યારે તે ઊભી કરેલી બસનાં કારણે ટ્રાફિક સમસ્યા પણ થતી જોવા મળે છે...

૮.હાલમાં આ સર્કલ ઉપર નાવા ટ્રાફિક સિગ્નલો લગાવવામાં આવ્યા છે...માટે ઘણાં વાહનચાલકોને ખબર નથી કે સિગ્નલો ચાલુ થયા છે એટલે ઘણા લોકો સિગ્નલ જંપ કરીને નીકળે છે માટે થોડા સજાગ બનીને ટ્રાફિક વિભાગના અધિકારીને એક રજૂઆત કે થોડા દિવસો માટે આ સર્કલ ઉપર કર્મચારીઓનો સ્ટાફ વધારી હાજર રખવા જેનાથી હાજર પોલીસને જોઈ સિગ્નલ જંપની સમસ્યા બંધ થઈ શકે...


શું આપ આપના બાળકને ગુજરાતી માધ્યમમાં ભણાવવાની સાથે
અંગ્રેજી માધ્યમની સમકક્ષ અભ્યાસ કરાવવા માંગો છો...?
શાળાની મુલાકાત લેશો જી....
અક્ષર પ્રાથમિક શાળા
શ્રીનગર સોસાયટી, સ્વામીનારાયણ મંદિર પાછળ, નવા વાડજ, અમદાવાદ.

ADMISSION OPEN
નર્સરીમાં બીજા સત્રમાં એડમીશન માટે ઓફિસનો સંપર્ક કરો

PURE VEG. & A/c.
સ્વાદસભર પોષ્ટીક આહારની રમઝટ માણવા
ફોન : ૨૭૬૪૧૩૬૪, મો : ૯૯૨૪૫૯૯૫૯૫

અમરસિંહની લક્ષ્મી વિજય હોટલ
પંજાબી, ચાઈનીઝ એન્ડ સાઉથ ઈન્ડિયન
રોનક પાર્ક સોસાયટીની સામે, નવા વાડજ રોડ, અખબારનગર સર્કલ પાસે, નવા વાડજ, અમદાવાદ-૧૩.

NIRMAN REALTY
Looking to Redevelop Your Building?
Trust the Experts at Nirman Realty!
- Transparent deal
- Expert team
- 10+ years experience in redevelopment
- Associated with well-known & experienced developers
- Good knowledge about legality & land revenue

Other service :
- Land
- Jv Project
- Property

nirmanrealty
Nirman Realty
https://nirmanrealty.in
MEMBERS OF
ARA NAR Registered in : RERA
For any query & inquiry
+91 9601772777

## અમદાવાદમાં માંડ પાટે ચાલેલી રીડેવલપમેન્ટ પ્રક્રિયાની મંદ ગતિથી અનેક સવાલો

# શું હાઉસિંગ બોર્ડની નીતિઓને કારણે રીડેવલપમેન્ટની રફતાર ધીમી પડી...!?

MIRCHI NEWS EXCLUSIVE MIRCHI NEWS

### અત્યાર સુધીમાં ૫૦ થી વધુ સોસાયટીઓમાં રીડેવલપમેન્ટની પ્રક્રિયા ચાલે છે, પણ પરિણામ શૂન્યવત : અધિકારીઓની આપખુદશાહી, વારંવાર બદલાતા ટેન્ડરના નિયમો અને સંકલનના અભાવે લોકો નિરાશ : પોલીસી મુજબ, ટેન્ડર પ્રક્રિયામાં પારદર્શિતા અને એકસૂત્રતા લાવવામાં આવે. પોલીસી સરળ બનાવવા માંગ : અધિકારીઓની જવાબદારી નક્કી થાય અને કોર્ટ કેસોનો ઝડપી નિકાલ થાય તેવી વ્યવસ્થા ઉભી કરવા માંગ

અમદાવાદ : ગુજરાત હાઉસિંગ બોર્ડ (GHB)ની જર્જરિત વસાહતોને નવો ઓપ આપવા માટે 'પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશિપ' (PPP) મોડેલ હેઠળ શરૂ કરવામાં આવેલી રીડેવલપમેન્ટ યોજના હાલમાં અધિકારીઓની ઉદાસીનતા, ભ્રષ્ટાચાર અને નિયમોની આંટીઘૂંટીમાં ફસાઈ ગઈ છે. હાલમાં ૫૦થી વધુ સોસાયટીઓમાં રીડેવલપમેન્ટ પ્રક્રિયા ચાલુ હોવા છતાં, છેલ્લા કેટલાય મહિનાઓથી કામગીરીમાં આવેલી મંદી અને જટિલતાને કારણે છેલ્લાં કેટલાક સમયથી રીડેવલપમેન્ટની રફતાર ધીમી પડી હોય તેવું જાણકારો માની રહ્યા છે.

અધિકારીઓની 'આપખુદશાહી' અને ટેન્ડર પ્રક્રિયામાં 'રમત' રહીશોનો સીધો આક્ષેપ છે કે હાઉસિંગ બોર્ડના અધિકારીઓ રીડેવલપમેન્ટ જેવી સંવેદનશીલ બાબતમાં આપખુદશાહી ચલાવી રહ્યા છે. દરેક સોસાયટીના ટેન્ડર વખતે નિયમો બદલી નાખવામાં આવે છે, જેના કારણે પ્રક્રિયામાં એકસૂત્રતા જળવાતી નથી. આક્ષેપો એવા પણ થઈ રહ્યા છે કે અધિકારીઓ પોતાના માનીતા મળતિયાઓને (ડેવલપર્સને) ફાયદો થાય તેવા જ ટેન્ડર બનાવે છે, જેના કારણે તંદુરસ્ત સ્પર્ધા થતી નથી અને યોગ્ય ડેવલપર મળતા નથી. બોર્ડ માત્ર ટેન્ડર બહાર પાડીને હાથ ખંખેરી લે છે, અને બાકીનું તમામ કામ ડેવલપર અને સોસાયટીના માથે ઢોળી દેવામાં આવે છે.

૧૪૦% ફાયદો માત્ર કાગળ પર? કાર્પેટ એરિયા અને મેન્ટેનન્સનો ડર પોલિસી મુજબ મૂળ મકાન કરતા ૧૪૦% વધુ બાંધકામ મળતું હોવા છતાં, વાસ્તવિકતા અલગ હોવાની ફરિયાદ ઉઠી છે. જૂના મકાનોનો સુપર બિલ્ટ-અપ એરિયા અને નવા RERA મુજબના કાર્પેટ એરિયામાં તફાવત હોવાથી લોકોને મળતું નવું મકાન નાનું હોવાનો અહેસાસ થાય છે. વળી, નવા હાઈ-રાઈઝ બિલ્ડિંગમાં લિફ્ટ અને ફાયર સેફ્ટી જેવી સુવિધાઓને કારણે મેન્ટેનન્સ ખર્ચ એટલો વધી જાય છે કે જે LIG અને MIG કેટેગરીના સામાન્ય રહીશોને પરવડતો નથી.

સંમતિનો પેચ અને કોર્ટ કેસનું ગ્રહણ રીડેવલપમેન્ટ માટે ૭૫% સભ્યોની સંમતિનો નિયમ હોવા છતાં, બિલ્ડરો ૧૦૦% ખાલી કબજાનો આગ્રહ રાખે છે, જેને કારણે પ્રોજેક્ટ્સ વિલંબિત થાય છે. ખાસ કરીને વરિષ્ઠ નાગરિકો પોતાનું વર્ષો જૂનું ઘર છોડવા તૈયાર હોતા નથી. જે ૨૫% અસંતુષ્ટ સભ્યો છે તેઓ કોર્ટના દ્વારે પહોંચે છે. હાલમાં ૩૦થી વધુ સોસાયટીઓના કેસ કોર્ટમાં ચાલી રહ્યા છે. જોકે, મોટાભાગના ચુકાદા બોર્ડની તરફેણમાં આવ્યા છે, પરંતુ આ કાનૂની લડાઈમાં પ્રોજેક્ટ વર્ષો સુધી અટકી જાય છે.

ઈવિકશનમાં આળસ અને સમયમર્યાદાનો ભંગ નિયમ મુજબ ઈવિકશન (મકાન ખાલી કરાવવાની) પ્રક્રિયા ૬૦ દિવસમાં અને અપીલ પણ ચોક્કસ દિવસોમાં પૂર્ણ થવી જોઈએ. પરંતુ બોર્ડના અધિકારીઓની આળસ અને સંકલનના અભાવે આ પ્રક્રિયા મહિનાઓ સુધી ચાલે છે. બોર્ડના અલગ-અલગ વિભાગો વચ્ચે સંકલન ન હોવાથી ઈમ્પ્લીમેન્ટેશન અત્યંત ધીમું છે.

નવો આર્થિક બોજ: સ્ટેમ્પ ડ્યુટીનો વિરોધ પડ્યા પર પાટા જેવી સ્થિતિ ત્યારે સર્જાઈ જ્યારે હાઉસિંગ બોર્ડે નવો નિયમ લાગુ કર્યો. રીડેવલપમેન્ટમાં મળતા વધારાના ૪૦% બાંધકામ પર હવે સભાસદોએ નવી સ્ટેમ્પ ડ્યુટી ભરવી પડશે. આ નિયમનો સભાસદો દ્વારા ઉગ્ર વિરોધ કરવામાં આવી રહ્યો છે, કારણ કે આર્થિક રીતે નબળા વર્ગ માટે આ વધારાનો ખર્ચ અસહ્ય છે.

ભાડું, વિલંબ અને માનસિક ત્રાસ ટેન્ડરની શરતો મુજબ પ્રોજેક્ટ ૨-૩ વર્ષમાં પૂરો થવો જોઈએ, પરંતુ વર્તમાનમાં અનેક દાખલાઓ છે જેમાં ૫-૭ વર્ષનો સમય લાગી રહ્યો છે. આ દરમિયાન બિલ્ડર દ્વારા અપાતું ભાડું અનિયમિત થવું અને પોતાના ઘરનું સ્વપ્ન ધૂંધળું થવું, તે સભ્યો માટે પારાવાર માનસિક ત્રાસ સમાન બન્યું છે.

લોકોની માંગ શું છે? હાઉસિંગ બોર્ડની વસાહતોના રહીશો માંગ કરી રહ્યા છે કે ટેન્ડર પ્રક્રિયામાં પારદર્શિતા અને એકસૂત્રતા લાવવામાં આવે. પ્રક્રિયા સરળ બને, અધિકારીઓની જવાબદારી નક્કી થાય અને કોર્ટ કેસોનો ઝડપી નિકાલ થાય તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવે તો જ 'રીડેવલપમેન્ટ' સાચા અર્થમાં સફળ થશે.

ઉત્તરાયણ નિમિત્તે ઉઘીંયુ અને જલેબી મળશે
વિસ્તારમાં એકમાત્ર અદ્યતન શો-રૂમ
૨૦ વર્ષથી જુના અને જાણીતા
અશોક નમકીન ભંડાર
ચીકી, લીલવાની કચોરી, તલના લાડુ અને મમરાના લાડુ
નમકીન ૪૦૦ થી વધારે વેરાઈટીઝમાં તાજુ તેમજ ૧૦૦% શુધ્ધ તથા વ્યાજબી ભાવે મળશે
સ્વાગત એપાર્ટમેન્ટ, ભાવસાર સોસાયટીની બાજુમાં, સ્વસ્તિક સ્કુલ રોડ, નવા વાડજ, અમદાવાદ.મો : ૯૮૨૪૧૪૧૯૧૭

#### એક મહિલાએ દીકરીના લગ્ન માટે મદદ માંગી ત્યારે સેવા તરફ પ્રેરાયા

## મિત્રોના સહકારથી જરુરિયાતમંદ પરિવારની દસ દીકરીના લગ્ન કરાવ્યા

અમદાવાદ : ચાંદલોડિયા વિસ્તારના જય રામદેવપીર બાપાસીતારામ સેવા પરિવારના સભ્યો દ્વારા સ્વૈચ્છિક મદદથી ત્રાગટ ખાતે સર્વજ્ઞાતિની જરુરિયાતમંદ પરિવારની દીકરીઓના સમૂહલગ્ન કરાવીને સમાજ માટે ઉત્તર ઉદાહરણ પૂરું પાડયું છે. આ વિશે ભાવેશ ગોહિલે કહ્યું કે, નવ વર્ષ પહેલાં મારી દુકાને એક મહિલા પોતાની દીકરીના લગ્ન કરાવવા માટે મદદ માટે આવ્યા હતા. તેમની પરિસ્થિતિ વિશે જાણીને મેં તેમની મદદ કરવાનું નક્કી કર્યું. આ ઘટનાની વાત મેં મારા જય રામદેવપીર બાપાસીતારામ સેવા પરિવારના મિત્રોને કરી હતી. બધા મિત્રોએ પોતાનો ફાળો આપ્યો અનો પાંચ દીકરીઓ સાથે અમે પ્રથમ સમૂહ લગ્નની કામગીરી અમારા માટે સેવા સમાન છે અનો તોમાં દરેક વ્યક્તિ સ્વૈચ્છિક ફાળો આપે છે. દર વર્ષે અમે સમૂહલગ્નના આયોજન માટે છ મહિના પહેલાંથી તૈયારી કરીએ છીએ. સમૂહલગ્નમાં જોડાતી દીકરીઓ માટે એક બહેન છેલ્લા ત્રણ વર્ષથી પાનેતર આપે છે તેમજ બીજા લોકો પોતાની ક્ષમતા સાથે સેવા આપીને આ સામાજિક કાર્યમાં સહભાગી બને છે. અમારા આ પ્રયાસોથી સમાજમાં અનેક લોકોને પ્રેરણા મળી છે તેઓ પણ તેમના સમાજમાં આ પ્રકારના કાર્યો કરવાની પ્રતિજ્ઞા લીધી છે. આ પ્રકારનું કાર્ય સમાજને નવી દિશા આપે છે.

Digital India Power To Empower
ડીજીટલ સેવા એક જ સ્થળે...
શ્રી ચામુંડા ઈ-સુવિધા કેન્દ્ર
CSC e-Governance Services India Limited
ડ્રાઈવીંગ લાયસન્સ
ઝેરોક્ષ-કલર ઝેરોક્ષ
સ્માર્ટ કાર્ડ
GST રજીસ્ટ્રેશન
આધાર કાર્ડ
પાન કાર્ડ
જીવન પ્રમાણપત્ર
ટુ વ્હીલર ઈન્શ્યુરન્સ
ઉદ્યોગ આધાર રજીસ્ટ્રેશન
પાસપોર્ટ
લેમીનેશન
ફોર વ્હીલર ઈન્શ્યુરન્સ
રેલ્વે/બસ/એર ટીકીટ બુકિંગ
ચુંટણીકાર્ડ
ઈ પ્રિન્ટ
લાઈફ ઈન્શ્યુરન્સ
આયુષ્માન કાર્ડ
બેન્કીગ સર્વિસ
ચામુંડા શોપીંગ સેન્ટર, દેવપથ ફ્લેટની સામે, નવા વાડજ, અમદાવાદ.
email : esuvidhakendra17@gmail.com
M : 79903 53430

## મતદારો મતાધિકાર ગુમાવે તેવી સ્થિતિ પરિણમી

# પુરાવા રજૂ કરવાની મુદત પૂર્ણ લાખો મતદારોના નામ રદ થશે

અમદાવાદ : ડ્રાફ્ટ મતદાર યાદી બાદ હવે ફાઈનલ મતદાર યાદીને આખરી ઓપ આપવા ચૂંટણી પંચે તૈયારીઓ કરી છે. જો કે, પુરાવા રજૂ કરવાની મુદત આજે પૂર્ણ થઈ છે ત્યારે હજારો નહીં, લાખો મતદારો ચૂંટણીપંચની માંગ મુજબ પુરાવા રજૂ કરી શકયા નથી. આ જોતાં લાખો મતદારોના નામ મતદાર યાદીમાંથી કમી થાય તેવી સ્થિતિનું નિર્માણ થયું છે. ૨૦૦૨ની મતદાર યાદીમાં નામ હોય પણ માતા પિતાના નામ વચ્ચે વિસંગતતા હોય, ૨૦૦૨ની યાદીમાં મતદાર યાદીમાં નામ હોય પણ માતા-પિતાનું નામ ન હોય. આ મતદારોને નો મેપિંગ હેઠળ બીએલઓ દ્વારા નોટિસ આપી પુરાવા માંગવામાં આવ્યા છે. ૪થી ફેબ્રુઆરી સુધીમાં મતદારોએ પુરાવા રજૂ કરવા પંચે જણાવ્યું હતું પણ મોટી સંખ્યામાં મતદારો મુશ્કેલ પુરાવાઓ ઉપલબ્ધ કરાવી શકયા નથી. ખાસ કરીને ગરીબ-અભણ મતદારો પુરાવા માટે અસમર્થતા દાખવી છે. વિપક્ષોએ એવો હંગામો મચાવ્યો છે કે, ડ્રાફ્ટ મતદાર યાદીમાં નામ હોવા છતાં મતદારોને નોટિસો ફટકારવામાં આવી છે. આખાય રાજ્યમાં કુલ મળીને ૭૦ લાખ મતદારોને નોટિસ આપી પુરાવા માંગવામાં આવ્યા છે. જો કે, પુરાવા રજુ નહીં કરાય તો મતદારો મતાધિકાર ગુમાવે તેમ છે. આ સંજોગોમાં એવી માંગ કરવામાં આવી છે કે, પુરાવા રજૂ કરવાના સમયમર્યાદામાં વધુ એકાદ સપ્તાહનો વધારો કરવામાં આવે. આ માંગને લઈને કેન્દ્રીય ચૂંટણી પંચને પણ રજૂઆત કરવામાં આવી છે. ફાઈનલ યાદી જાહેર થયા બાદ જ કેટલા મતદારોના નામ કમી થયા તેનો અંદાજ જાણવા મળશે.

# અમદાવાદની સેવન્થ ડે સ્કૂલમાં વિદ્યાર્થી પર ફરીથી હુમલો

અમદાવાદ : શહેરના મણિનગર વિસ્તારમાં આવેલી સેવન્થ ડે સ્કૂલનો વહીવટ સરકાર હસ્તક છે છતાં આ પ્રકારની ઘટના બની છે. સમગ્ર મામલે સ્કૂલની બેદરકારી સામે આવી છે. વિદ્યાર્થીએ ઘટના અંગે સ્કૂલને જાણ કરી હતી, પરંતુ સ્કૂલ દ્વારા કોઈ પગલા લેવામાં આવ્યા નહોતા. જેથી વિદ્યાર્થીના પિતાએ પોલીસ ફરિયાદ નોંધાવી છે. સ્કૂલ દ્વારા સમગ્ર ઘટના અંગે જિલ્લા શિક્ષણાધિકારી કચેરીને પણ આજ સવાર સુધી જાણ કરવામાં આવી નહોતી.આ બનાવની જાણ થતાં જિલ્લા શિક્ષણાધિકારી કચેરીની એક ટીમ સ્કૂલમાં પહોંચી હતી. અને વિદ્યાર્થીઓને બોલાવીને નિવેદન લેવાની તજવીજ હાથ ધરવામાં આવી છે. આ અંગે અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારી રોહિત ચૌધરીએ બનાવને લઈને સ્કૂલના પ્રિન્સિપાલ અને એડમિનને નોટિસ ફટકારી છે. આ બનાવ બનતાં તેમની બેદરકારી બદલ સસ્પેન્ડ કેમ ના કરવા એ અંગેનો નોટિસમાં ખુલાસો માગવામાં આવ્યો છે. આ બનાવની વિગત એવી જાણવા મળી છે કે, સેવન્થ ડે સ્કૂલ છૂટ્યા બાદ બધા વિદ્યાર્થીઓને લાઈનબદ્ધ રીતે બહાર નીકળે એ માટે ધોરણ ૭માં અભ્યાસ કરતો એક વિદ્યાર્થી જે મોનિટર હતો તે નિર્દેશ આપી રહ્યો હતો. એના બાદ ત્રણ વિદ્યાર્થી એક લાઈનમાં ચાલતા ન હોવાથી મોનિટરે તેમને લાઈનમાં ચાલવા અથવા સાઈડમાં ઊભા રહી જવાનું કહેતાં ત્રણેય તેની સાથે ઝઘડવા લાગ્યા અને તેને ધમકાવવા લાગ્યા હતા.ત્યાર બાદ સ્કૂલમાંથી બહાર નીકળતી વેળાએ સાઈકલ પાર્કિંગની બાજુના એરિયામાં ત્રણેય વિદ્યાર્થીએ મોનિટરને કહ્યું કે કાલે તને જોઈ લઈશું, એમ કહીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ત્યાર બાદ મોનિટર ઘરે જતો રહ્યો. બીજા દિવસે સ્કૂલે આશરે ૧૧ વાગ્યે મોનિટર કલાસરૂમમાંથી વોશરુમ તરફ નીકળ્યો ત્યારે ત્રણેય તેની પાછળ ગયા હતા. ત્યાં જ કોલર પકડીને મોનિટરને ધમકાવ્યો હતો કે તે અમને લાઈનમાંથી બહાર કેમ કર્યા? આ દરમિયાન ત્રણ પૈકી એક વિદ્યાર્થીએ તેના હાથમાં રહેલી બ્લેડથી મોનિટરના શર્ટના બટન તોડી નાખ્યા અને ધમકી આપી હતી કે હવે પછી આવુ કર્યું તો તને જાનથી મારી નાખીશું એમ કહીને મારામારી કરી હતી. અમરાઈવાડી પોલીસ સ્ટેશનમાં ભોગ બનેલા વિદ્યાર્થીના પિતાએ ત્રણ વિદ્યાર્થી સામે ફરિયાદ નોંધાવી છે.




## અમદાવાદનું ગૌરવ: ગુજરાત હાઈકોર્ટના યુવા એડવોકેટ પાર્થ સોનીની આંતરરાષ્ટ્રીય સિદ્ધિ

# કેનેડાના ઓન્ટારિયોમાં 'બેરિસ્ટર એન્ડ સોલિસિટર' બની પોતાની લૉ ફર્મ શરૂ કરી



અમદાવાદઃ શહેરના કાયદાકીય ક્ષેત્ર અને વકીલ આલમ માટે ગૌરવપૂર્ણ ઘટનામાં, અમદાવાદના જાણીતા એડવોકેટના પુત્રએ વિદેશમાં ગુજરાતનું નામ રોશન કર્યું છે. ગુજરાત હાઈકોર્ટમાં વકીલાત કરતા એડવોકેટ શ્રી પંકજ સોનીના સુપુત્ર પાર્થ સોનીએ તાજેતરમાં કેનેડામાં 'બેરિસ્ટર એન્ડ સોલિસિટર' (Barrister and Solicitor) ની ઉચ્ચ અને પ્રતિષ્ઠિત પદવી પ્રાપ્ત કરી છે.


ગુજરાત હાઈકોર્ટથી કેનેડા સુધીની સફર પાર્થ સોની કાયદાકીય વારસો ધરાવે છે. તેઓ આ અગાઉ અમદાવાદમાં જ ગુજરાત હાઈકોર્ટ ખાતે પ્રેક્ટિસ કરતા હતા અને કાયદાકીય ક્ષેત્રે બહોળો અનુભવ ધરાવે છે. પોતાની કારકિર્દીને આંતરરાષ્ટ્રીય સ્તરે લઈ જવાના ઉદ્દેશ્ય સાથે તેઓએ કેનેડામાં કાયદાકીય અભ્યાસ અને જરૂરી પરીક્ષાઓ સફળતાપૂર્વક પૂર્ણ કરી હતી.

ઓન્ટારિયોમાં નવી લૉ ફર્મનો પ્રારંભ માત્ર ડિગ્રી મેળવીને અટકવાને બદલે, પાર્થ સોનીએ કેનેડાના ઓન્ટારિયો (Ontario) ખાતે પોતાની સ્વતંત્ર લૉ ફર્મ શરૂ કરી છે. ભારતીય કાયદા અને કેનેડિયન કાયદા બંનેના જ્ઞાનનો સમન્વય હોવાથી, તેમની આ સિદ્ધિ ત્યાં વસતા ભારતીય સમુદાય અને સ્થાનિક લોકો માટે કાયદાકીય સલાહ મેળવવા માટે ખૂબ જ ઉપયોગી સાબિત થશે.

એડવોકેટ પંકજ સોનીના પરિવાર અને મિત્રવર્તુળમાં આ સમાચારને પગલે ખુશીનો માહોલ છવાયો છે અને પાર્થ સોનીને ઠેર-ઠેરથી શુભેચ્છાઓ મળી રહી છે. એક ગુજરાતી યુવા વકીલે વિદેશમાં જઈને પોતાની કાબેલિયતથી લૉ ફર્મ સ્થાપીને અમદાવાદનું નામ વિશ્વસ્તરે ગુંજતું કર્યું છે.

તમને જણાવી દઈએ કે પાર્થ સોનીના પિતા પંકજ સોની પણ ગુજરાત હાઈકોર્ટમાં એડવોકેટ છે, તેઓના પરિવારમાં કુલ ૧૧ સભ્યો વિવિધ કોર્ટમાં એડવોકેટ છે.તેઓના પિતાશ્રી કનૈયાલાલ શાંતિલાલ સોની પણ એડવોકેટ છે. તેમના ત્રણ મોટા ભાઈઓ, પ્રકાશભાઈ, કિરીટભાઈ તથા વિજયભાઈ પણ એડવોકેટ છે.તેમના ભત્રીજા નામે રાજેશભાઈ તથા દિપેશભાઈ, દીપ સોની તેમજ દર્શનભાઈ પણ એડવોકેટ છે તથા તેમની ભત્રીજી નામે પિન્કીબેન પણ એડવોકેટ છે.

તમને જણાવી દઈએ કે કેનેડામાં વકીલ બનવા માંગો છો તો તમને કેનેડાની NCA પરીક્ષા પાસ કરવી પડતી હોય છે. જેને લો સોસાયટી ઑફ ઑન્ટારિયોની બેરિસ્ટર અને સોલિસિટર પરીક્ષા ગણાય છે. જેથી કેનેડામાં વકીલાત કરવાનો રસ્તો સરળ બની જાય છે.




Printed, Published and Owned by BHARGAV G. SUNDARAM and Printed at Shree Ganesh Offset, A/6, Shubh Labh Industrial Estate, Opp. Ambica Ice Factory, Tavdipura, Ahmedabad-380 004 and Published from D-25/289, Nandanvan Appartment, Bhavsar Hostel, Nava Vadaj, AHMEDABAD - 380013. Editor - BHARGAV G. SUNDARAM.